ઘઉંનું બિયારણ ખરાબ નિકળતા બોરીયા ગામના ખેડૂતો છેતરાયા

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના બોરિયા સીતાવાડાના બિયારણના વેપારીએ ગામના ખેડૂતોને નકલી બિયારણ પધરાવી દેતા એક એક ખેડૂતોને આશરે ૧૫-૨૦ હજારનું ઘઉંનું બિયારણ માથે પડ્યું છે.

પ્રાંતિજ તાલુકાના બોરીયા સિતવાડા ગામે ખેતી કરતા અસંખ્ય ખેડૂતોએ ઘઉંના પાક માટે બિયારણના વેપારી પાસેથી ૪૦ કિલો થેલીના રૂ. ૧૦૦૦ લેખે વેપારીઓ દ્વારા બિયારણની કિંતમ લેવામાં આવી હતી. મોઘુદાટ બિયારણ ખરીદ ખેડૂતોએ પોતાના ખેતરમાં નાખ્યું હતું. વાવણી બાદ ૬૦ દિવસે જ્યારે ખેતરમાં છાંટ પડી જતા ખેડૂતોએ વેપારીનો સંપર્ક કર્યો હતો પણ કોઈ જવાબ નહી મળતા ખેડૂતોને માથે હાથ મુકીને રોવાનો વારો આવ્યો હતો.



ગરમીની શરૂઆત થતાં જ દેશી ફ્રીઝની માંગમાં વધારો થવા લાગ્યો છે. ગરમીની સિઝનમાં ગરીબ લોકોના કલેજાને ઠંડક આપે તેવા દેશી ફ્રીઝ (માટલા) ખરીદવા માટે લોકો ઉમટી રહ્યા છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પાટણ જિલ્લાના કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાયા

પાટણ, તા. ૭

ભાજપ પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ ગુજરાત રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિ અમીનની ઉપસ્થિતિમાં આજે ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે પાટણ જિલ્લાના અનેક આગેવાનોએ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ આપીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. મહામંત્રીશ્રી શંકરભાઈ ચૌધીએ તમામને ભાજપનો ખેસ પહેરાવીને આવકાર્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી શ્રી કાનજીભાઈ દેસાઈની સાથે જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી, તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી, સહકારી સંસ્થાઓ જેવી કે દૂધ સાગર ડેરી, ખરીદ વેચાણ સંઘ, દૂધ મંડળી વગેરેના ડિરેક્ટરો તેમજ પૂર્વ ડિરેક્ટરો, તાલુકા પંચાયતના ડેલીગેટશ્રીઓ, સદસ્યશ્રીઓ અને પૂર્વ સદસ્યશ્રીઓ, સરપંચશ્રી, પૂર્વ સરપંચશ્રીઓ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. અને માલધારી સેલના કોંગ્રેસના હોદ્દેદારો સાથે મોટી સંખ્યામાં કાર્યકરો પણ ભાજપમાં જોડાયા હતા. આ પ્રસંગે અમદાવાદ શહેર પ્રમુખ શ્રી રાકેશભાઈ શાહ તથા પાટણના ધારાસભ્યશ્રી રણછોડભાઈ દેસાઈ, પ્રદેશ આગેવાન શ્રી કે.સી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે દેશભરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બને તે માટે વિવિધ વર્ગો અને વિવિધ સમાજના આગેવાનો શ્રી નરેન્દ્રભાઈ મોદીને સમર્થન આપી રહ્યા છે અને જોડાઈ રહ્યા છે. કોંગ્રેસમાં વિવિધ જવાબદારી સંભાળતા આગેવાનો આજે ભાજપમાં જોડાઈ રહ્યા છે.

નરહરિભાઈ અમીને જણાવ્યું હતુ કે પાટણ જિલ્લાના સંનિષ્ઠ આગેવાનો અને વર્ષો સુધી કોંગ્રેસ સાથે કામ કર્યું હતું તેવા હોદ્દેદારો અને પૂર્વ હોદ્દેદારો આજે ભાજપમાં જોડાઈ રહ્યા છે. સમગ્ર દેશમાં નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બને તેવું વાતાવરણ ઉભુ થઈ રહ્યું છે ત્યારે ગુજરાતની ૨૬ લોકસભાની સીટો ભાજપ જીતે તેવું વાતાવરણ ઉભુ થયું છે.

હિંમતનગરના વરિષ્ઠ પત્રકારોની એક બેઠક શુક્રવારે જુના સરકીટ હાઉસમાં પત્રકાર યોગેશભાઈ દવેના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં ે્સ કબલ ઓફ હિંમતનગરની સ્થાપના કરવામાં આવી હતી ે્સ કબલના -મુખ તરીકે દિપેશભાઇ ત્રિવેદી અને સેક્રેટરી તરીકે મગનભાઈ વણજારા ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી ઉપ-મુખ પદે રસીકલાલ સોની, દેવાંગ રાવલની જયારેની જયારે જોઇન્ટ સેક્રેટરી પદે મકસુદ મનસુરીની સર્વાનુ મતે વરણી કરવામાં આવી હતી ે્સ કલબના -વકતા તરીકે યોગેશ બ્રહમભટ્ટ અને રસીકલાલ પટેલ જયારે સલાહકાર તરીકે નાદીરભાઈ અંદાણીની સર્વોનું મતે વરણી કરવામાં આવી હતી કારોબારીમાં યોગેશભાઈ દવે, ઇશાક શેઠ, જીજ્ઞેશ જોષી, સુરેશ થોરી અને બિંદેશ માંડલીયા, સતીષ ભટ્ટની વરણી થઈ હતી.

ગુજરાત વણકર સમાજ, પાટણના પ્રમુખપદે ઝવેરભાઈ ચાવડાની વરણી

પાટણ, તા. ૭

પાટણના માયા ટેકરી ખાતે માયા સાતમે માયાદેવની પૂજા અર્ચના કરી માયાદેવના બલિદાનને યાદ કરવા અને તેમાંથી પ્રેરણા મળેવવા ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉજવણીમાં જોડાયા હતા. બાદમાં ગુજરાત વણકર સમાજ પાટણની સામાન્ય બેઠક યોજાઈ હતી. જેમાં પૂર્વ કલેક્ટર ઝવેરભાઈ ચાવડાની ગુજરાત વણકર સમાજના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. પાટણ ખાતે માયા સાતમની ભવ્ય ઉજવણી પ્રસંગે ઉદ્ઘાટક તરીકે જિલ્લા કલેક્ટર - વોરા ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં સમાજના આગેવાનો દ્વારા માયાદેવનું સ્મારક ભવન બનાવવા રૂ. ૧૩ લાખ જેટલી માતબર રકમનું દાન જાહેર કરવામાં આવ્યું હતું.

ગુજરાત વણકર સમાજના પ્રમુખ તરીકે ઝવેરભાઈ ચાવડાની આગામી ત્રણ વર્ષ માટે સર્વાનુમતે વરણી થતાં સભાએ જોર શોરથી માયાદેવના જય જય કાર સાથે વધાવી લીધેલ. તેના પ્રત્યુત્તરમાં ઝવેરભાઈ ચાવડાએ સમગ્ર ઉપસ્થિત અગ્રણીઓ સંસ્થાના સભ્યો અને વડીલ ભાઈ-બહેનોનો આભાર માન્યો હતો.

પાલનપુરમાં રહેણાંક મકાનમાં ગેસનો બાટલો લીકેજ થતાં આગ : ૬૦ હજારની ઘરવખરી બળીને ખાખ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૭

પાલનપુર ખાતે આબુ હાઈવે હનુમાન ટેકરી વિસ્તાર નજીક આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં ગુરુવારે રાત્રે ૮-૪૫ કલાકે એક રહેણાંક મકાનમાં ગેસનો બાટલો લીકેજ થયો હતો અને આગ ભભૂકી ઠી હતી. આ દુઘટર્નામાં ઘરના ચાર સભ્યોનો બચાવ થયો હતો. જોકે ઘરવખરી બળી જતાં રૂ. ૬૦ હજારનું નુકસાન થયું હતું. ઘટનાને પગલે ભારે અફડાતફડી મચી ગઈ હતી.

પાલનપુર ખાતે બીએસએનએલ કચેરીમાં એકાઉન્ટન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતાં હિંમતરામ ભબૂતરામ જોષી તેમના પત્ની બબીતાબેન, દિકરી ગાયત્રીબેન અને માતા કાશીદેવી સાથે ગુરુવારે રાત્રે જમવા બેઠા હતા. ત્યારે રસોડામાં ગેસનો બાટલો લીકેજ થતાં આગ ભભૂકી ઠી હતી. આથી ચારે જણા ઘરની બહાર દોડી ગયા હતા. જયાં લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને પાણી વડે આગ ઉપર કાબૂ મેળવવાનો -યાસ કર્યોહતો. બીજીતરફ ઘટનાની જાણ થતાં નગરપાલિકા ફાયરફાયટરનો સ્ટાફ દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. જો કે આ ઘટનામાં ફ્રિઝ, ફર્નિચર, મિનરલ વોટરનો પ્લાન્ટ સહિત રૂ. ૬૦ હજારની ઘરવખરી બળી ગઈ હતી. જયાં નગરપાલિકા ઉપ-મુખ અમૃતભાઈ જોષી ઉપરાંત પિશ્ચમ પોલીસમથકના પીએસઆઈ વી.બી. મકવાણા, આર.સી. વ્યાસ તેમજ સ્ટાફ પણ દોડી આવ્યો હતો.

પ્રાંતિજના વાઘપુરમાં ગેસની પાઈપલાઈન લીકેજ થતા ભાગદોડ

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામે ઓ.એન.જી.સી.ની ગેસની પાઈપલાઈનમાં પંચર થતા આસપાસમાં રહેતા લોકોમાં ભારે ભાગદોડમાં મચી જવા પામી હતી. આ ગેસ લીકેજ થતા રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જો કે ઓ.એન.જી.સી.ના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવી લીકેજને બંધ કરી દીધુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર મહેસાણા ઓ.એન.જી.સી. ગેસની પાઈપ લાઈન સાબરકાંઠાની સાબરડેરીમાં થઈ વાઘપુરા ગામેથી પસાર થાય છે. જયાં આ ગેસપાઈપમાં આજે સવારે ૧૦ કલાકે અચાનક ગેસ લીકેજ થતા લોકોમાં ભારે ભાગદોડ મચી જવા પામી હતી અને જીવ તાળવે બંધાઈ ગયા હતા. ગેસ લીકેજની આ ઘટના થતાં પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બાદમાં સાબરડેરીના એન્જીનીયરની મદદથી આ લીકેજને બંધ કરવામાં આવ્યું હતું જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા મુકામે રાજયપાલ ડા. શ્રીમતિ કમલાજીના અધ્યક્ષસ્થાને કૃષિ યુનિ.નો પદવી સમારંભ યોજાયો હતો. આ -સંગે કૃષિ યુનિ.ની ૯ ફેકલ્ટીના કૂલ-૪૭૨ વિધાર્થીઓને રાજયપાલ ડા.શ્રીમતિ કમલાજી ધ્વારા પદવી એનાયત કરવામાં આવી હતી. -ાસંગીક -વચનમાં ડિગ્રી મેળવનાર વિધાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવતાં રાજયપાલ ડા.શ્રીમતિ કમલાજીએ જણાવ્યુ હતુ કે વિધાર્થીઓએ મહેનત, નિષ્ઠા અને સમર્પણભાવથી શૈક્ષણિક કાર્ય સંપન્ન કરી ડિગ્રી -ાપ્ત કરી છે. તેમણે કહ્યુ કે જ્ઞાન મેળવવુ એ સતત ચાલતી -ક્રિયા છે તેથી આપણે અનુભવમાંથી પણ જ્ઞાન મેળવીને તે જ્ઞાનનો ઉપયોગ સમાજ કલ્યાણ અને લોકોની સુખાકારી માટે કરીએ. તેમણે જણાવ્યુ કે સમાજનો મોટો ભાગ ખેતી અને પશુપાલન સાથે જોડાયેલો છે તેથી તેમની -ગતિ માટે સદાય -યત્નશીલ રહીએ. રાજયપાલ ડા.શ્રીમતિ કમલાજીએ કહ્યુ કે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની વિકાસકીય -વૃતિઓથી આનંદ થાય છે. તેમણે જણાવ્યુ કે આ યુનિવર્સિટીના ઘણા વિધાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટીનું નામ રોશન કર્યુ છે.

લક્ષ્મીપુરામાં બી.એસ.એન.એલ.ના ધાંધિયા

લક્ષ્મીપુરા, તા. ૭

ઈન્ટનેટના ઝડપી યુગમાં બી.એસ.એન.એલ. કોમ્યુનિકેશન ખૂબ જ વામણું સાબિત થયું હોય તેમ જણાઈ રહ્યું છે. વારંવાર સેવાઓ ખોરવાતા લોકો અન્ય કંપનીની સર્વિસ લેવા મજબૂર થયા છે. લક્ષ્મીપુરા તથા આજુબાજુના કંપાઓનો વિસ્તાર ખૂબ જ ઝડપથી એકમેકના સંદેશા મેળવવા તલપાપડ હોય ત્યારે નેટવર્ક પકડાય નહિં અને રૂબરૂ જવું પડે તો બી.એસ.એન.એલ. સેવા શું કામની ? અત્યારે ખેતરોમાં કેબલ મોટર પાઈપ ચોરીના તથા ગામડાઓમાં ઘરફોડ ચોરીઓના બનાવો બની રહ્યા છે ત્યારે બી.એલ.એન.એલ. એ પોતાની સેવા સુધારી - સંદેશો સત્વરે પ્રાપ્ય બને અને ટાવરો માત્ર શોભાના ગાંઠિયા ના બને તેવું પ્રજાજનો ઇચ્છી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના ટાઉન હોલ ખાતે શુક્રવારે લીઝધારકોમાં ખનન અને વહન જાગૃતિ માટે સેમીનાર યોજાયો હતો કર્મિંર ભૂસ્તર અને ખાણ ખનીજ વિભાગ ગાંધીનગર દ્વારા યોજાયેલ સેમીનારમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લાના લીઝધારકોએ ભાગ લીધો હતો સેમીનારમાં ખનીજ વિભાગના એ.અકોલકર, પી.વી. ચોરએ પર્યાવરણ -માણપત્ર અંગે સમજ આપી હતી જયારે નાયબ નિયામક વાય.બી. રાવલે માઈનીગના નિયમો અને ગેરકાયદેસરના ખોદકામ જેવા વિષયો અંગે માર્ગદર્શન પુરૂ પાડયું હતુ સુહાગ ઓઝા,જી.ટી. ઈગવનર્સ અને લીઝ ધારકો સાથે -શ્નોતરી અને સામાન્ય માગદર્શન પુરૂ પાડયું હતુ સેમીનારનું સફળ સંચાલન ભૂસ્તરશાસ્ત્રી કે.એમ. પટેલ અને તેમની ટીમે શર્યું હતું.

પાટણમાં પરંપરાગત વીરમાયાની પાલખી યાત્રા વાજતે ગાજતે નીકળી

પાટણની ઐતિહાસિક ભૂમિ પર વર્ષોપૂર્વેસમગ્રજનહિતાર્થેપીવાના પાણી માટે પોતાના દેહનું બલિદાન આપી ઈતિહાસમાં અમર થઈ ગયેલ વીર મેઘમાયાની સ્મૃતિમાંદર વર્ષની જેમ આ વર્ષે પણ મહાસુદ સાતમના દિવસે પરંપરાગત રીતે શહેરના મોટીસરાય ખાતેથી વાજતે ગાજતે વીરમાયાની પાલખી યાત્રા નીકળી હતી. આ પાલખી યાત્રા શહેરના બગવાડા દરવાજા થઈ મુખ્ય માર્ગ પરથી પસાર થઈ ત્રણ દરવાજા, કનરાડા દરવાજા તથા કાળકા મંદિર થઈ સહસ્ત્રલીંગ સરોવરની સમીપમાં આવેલ માયા ટેકરી ખાતેના વીર માયા મંદિરે પહોંચી હતી. આ પાલખી યાત્રામાં પાટણમાં વસતા વણકર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને દર્શનની સાથે અહીં યોજાયેલા મેળાને માણ્યો હતો.

વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજ પાટણ દ્વારા માયા સાતમ નિમિત્તે આજરોજ વીરમાયા દેવની બલીદાન ભૂમિ માયાટેકરી ખાતે વીરમાયા સ્મારક સમિતિના પ્રમુખ ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને દાતાઓનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ મહાનુભાવો અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાસમાહર્તા જે.બી. વોરા, મનોજભાઈ પટેલ, હેમંત તન્ના અને વીરમાયા સ્મારક સમિતિના પ્રમુખ-મંત્રી તેમજ હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કરી સમારોહને ખુલ્લો મુક્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન